જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૯/૦૮/૨૦૨૩ બુધવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૨૯૭/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૪ કેસ કરી, ૫૭ વ્યક્તિઓને ઝડપી, ૧૫૨૮ લીટર દેશી દારૂ, ૧૪૬ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૭ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧૬ બિયર ટીન અને ૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૫ કેસ કરી ૩૧ વ્યક્તિઓની અટકાયત કરી રોકડ રૂપિયા ૭૩,૭૬૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૨૯૮/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૦૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧ વ્યક્તિની અને પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

## છેતરાપીંડીની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૧૨૯૯/૨૦૨૩

**કૃષ્ણનગરઃ** જનકસિહ હીંમતસિહ સોનાગરા (ઉ.વ.૫૩) (રહે. પાર્શ્વનાથ ટાઉનશીપ વિભાગ-૧૦ નવા નરોડા) એ તા.૦૮/૦૮/૨૦૨૩ ના રોજ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૨/૦૭/૨૦૨૩ ના રોજ જનકસિહ સોનાગરાના મોબાઈલ ફોનમાં "લાઈટ બીલ નહી ભર્યુ હોવાથી વિજ સપ્લાય બંધ કરવામાં આવશે" એવો મેસેજ આવતા જનકસિહ સોનાગરાએ ઓનલાઈન લાઈટ બીલ ભરી દીધુ હતું. ત્યારબાદ મોબાઈલ નંબર ૦૯૭૯૨૮૩૧૫૫૧ તથા ૯૦૫૯૮૮૬૯૭૪ નાં ધારકે ટોરેન્ટ અધિકારીની ઓળખ આપી જણાવેલ કે યુટીઆર નંબર વગર લાઈટ બીલ અપડેટ નહી થાય તેમ કહી યુટીઆર નંબરની માંગણી કરી હતી જે યુટીઆર નંબર માટે "RustDesk Remote Desktop" એપ ડાઉનલોડ કરવી જનકસિહ સોનાગરાના બેંકના ખાતામાંથી અને ક્રેડીટકાર્ડમાંથી કુલ રૂપિયા ૧,૮૯,૯૯૯/- ઓનલાઈન ટ્રાન્જેકશન કરી લીધુ હતું. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એ.જે.ચૌહણ ચલાવે છે.

**ઇસનપુરઃ** મોહમદ હુઝૈફા સ/ઓ શમશીર આલમ શેખ (ઉ.વ.૩૧) (રહે.જૈનબબીબીની ચાલી મીરા સિનેમા રોડ મિલ્લતનગર ઇસનપુર) એ તા.૦૮/૦૮/૨૦૨૩ ના રોજ ઇસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૪/૦૭/૨૦૨૩ બપોરના કલાક ૧/૦૦ થી તા.૦૬/૦૭/૨૦૨૩ બપોરના કલાક ૧/૦૦ વાગ્યા દરમ્યાન મોહમદહુઝૈફા સ/ઓ શમશીરઆલમ શેખના મોબાઈલ ફોન ઉપર મોબાઈલ નંબર ૮૮૨૬૭૧૧૬૭૪ નાં ધારકે ફોન કરી આઈસીઆઈસીઆઈ બેંકમાંથી વાત કરતા હોવાની ઓળખ આપી આઈસીઆઈસીઆઈ ક્રેડીટ કાર્ડની લીમીટ વધારી આપવાનું જણાવી મોહમદહુઝૈફા સ/ઓ શમશીરઆલમ શેખ પાસેથી બેંકના ક્રેડીટ કાર્ડનો અને ડેબીટ કાર્ડનો ફોટો માંગી લઈ ચાલુ ફોનમાં ઓટીપી મેળવી લઈ મોહમદહુઝૈફા સ/ઓ શમશીરઆલમ શેખના આઈસીઆઈસીઆઈ બેંકના ખાતામાંથી ઓનલાઈન રૂપિયા ૩,૬૪,૬૭૦/- ટ્રાન્જેકશન કરી લીધા હતા. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી ડી.ડી.ગોહીલ ચલાવે છે.

**<u>ચોરીઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૩૦૦/૨૦૨૩</u>**

**કાગડાપીઠઃ** થાનારામ પ્રભુરામ દહિયા (ઉ.વ.૨૯) (રહે.ગામ-જાફલી તા.શિવ જિ.બાડમેર રાજસ્થાન) એ તા.૦૮/૦૮/૨૦૨૩ ના રોજ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૧/૦૮/૨૦૨૩ કલાક ૧૧/૩૦ વાગ્યાના સુમારે થાનારામ દહિયા શટલ ઓટો રિક્ષામાં બેસી ભુતની આંબલી પાસે અજન્ટા ગેસ્ટ હાઉસ સામેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે રીક્ષા ચાલકની મદદગારીથી રિક્ષામાં બેઠેલ બે પુરૂષોએ થાનારામ દહિયાની નજર ચુકવી થેલામાંથી રોકડ રૂપિયા ૮૮,૦૦૦/- ચોરી કરી લીધી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એન.બી.બામ્ભા ચલાવે છે.

**ચાંદખેડાઃ** સીમા નટવર કુરીલ (ઉ.વ.૬૩) (રહે. પાર્થ એવન્યુ, કબીર રેસ્ટોરેન્ટની બાજુમાં અવની ભવન ચાંદખેડા) એ તા.૦૮/૦૮/૨૦૨૩ ના રોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૧/૦૮/૨૦૨૩ બપોરના ૨/૩૦ વાગ્યાના સુમારે બી.આર.ટી.એસ.બસની મુસાફરી દરમ્યાન અજાણી વ્યક્તિએ સીમા કુરીલની નજર ચુકવી પર્સમાંથી સોનાનો નેકલેશ કિમત રૂપિયા ૫૫,૦૦૦/- મતાની ચોરી કરી લીધી હતી. આ ગુનાની તપાસ મ.સ.ઈ.શ્રી પી.ડી.પટેલ ચલાવે છે.

**<u>આત્મહત્યાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૩૦૧/૨૦૨૩</u>**

**રિવરફ્રંટ વેસ્ટઃ** અનિલભાઈ હરગોવિંદભાઈ પરમાર (ઉ.વ.૧૯) (રહે. હનુમાનની ચાલી ખોડીયારનગર દાણીલીમડા) એ અગમ્ય કારણસર તા.૦૮/૦૮/૨૦૨૩ કલાક ૧૨/૩૦ વાગ્યાના સુમારે આંબેડકર બ્રિજ નીચે સીડી નંબર-૪૦ પાસે વોક-વે નજીક નદીમાં પડતું મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રંટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી પરેશકુમાર કાનજીભાઇ ચલાવે છે.

**રાણીપઃ** શાલીની વા/ઓ કુંદન મહાદેવપ્રસાદ અવસ્થી (ઉ.વ.૨૦) (રહે. ગામ-ખખુવા તા.દુધરવા જી.બસ્તી ઉત્તરપ્રદેશ) એ અગમ્ય કારણસર તા.૦૮/૦૮/૨૦૨૩ કલાક ૧૦/૦૦ થી કલાક ૧૧/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન રાણીપ રાધા સ્વામી રોડ જોગેશ્વરી નગરનાં છાપરાં ખાતે પોતાના પિતાના ઘરે છાપરાના એંગલ સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રાણીપ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મદદનીશ પોલીસ કમિશનર શ્રી "એલ" ડીવીઝન ચલાવે છે.

**સરખેજઃ** સુનીતાબહેન વા/ઓ સંદિપભાઈ ભીમાશીયા (ઉ.વ.૫૩) (રહે. અલ-અર્શ વિભાગ-૩ કાદરી પાર્ટી પ્લોટની બાજુમાં ફતેવાડી સરખેજ) એ અગમ્ય કારણસર તા.૦૭/૦૮/૨૦૨૩ રાતના ૧૦/૩૦ થી તા.૦૮/૦૮/૨૦૨૩ કલાક ૦૦/૧૫ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરે પંખા સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે સરખેજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી બી.બી.સિંહ ચલાવે છે.

**રામોલઃ** આકાશગીરી દેવીપ્રસાદગીરી ગોસ્વામી (ઉ.વ.૨૨) (રહે. સોમનાથનગર સોસાયટી વસ્ત્રાલ) એ અગમ્ય કારણસર તા.૦૭/૦૮/૨૦૨૩ રાતના ૧૦/૨૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી મનુભાઇ વિરાભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી